# સુરત શહેરી વિકાસ સત્તામંડળ

"સુડાભવન", કલેકટર કચેરીની નજીક
બહુમાળી મકાનની પાછળ,
નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧.

પત્રનં. સુડા/યુ.૩/ટી.પી.એસ.–૩૬(વરિયાવ)/ ૧૧૫૨      /૦૨/૦૪
12 FEB 2004

URBAN DEVELOPMENT AUTHORITY ★ SURAT

પ્રતિ,
ઉપ સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
સચિવાલય,
ગાંધીનગર.

વિષય : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૬ (વરિયાવ) સુડા, સુરત બનાવવાનો ઈરાદો જાહેર કરવા બાબત.

જયભારતસહ ઉપરોકત વિષયાન્વયે સવિનય જણાવવાનુ કે, સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના ઠરાવ નં. ૨૩૦૭(૧) તા. ૩૧/૧/૨૦૦૪ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ– ૧૯૭૬ ની કલમ ૪૧ ની પેટા કલમ–૧ અન્વયે નગર રચના યોજના નં. ૩૬ (વરિયાવ) સુડા, સુરત તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરેલ છે.

સદર ઠરાવ તથા તે સાથે અધિસૂચનની નકલ તેમજ ઉકત નગર રચના યોજનાનો હદ વિસ્તાર દર્શાવતા નકશાની નકલ અને સદરહુ નગર રચના યોજનાની જાહેરાત બાબત મેનેજરશ્રી, ગર્વમેન્ટ સેન્ટ્રલ પ્રેસ, રાજકોટને પાઠવેલા પત્ર નં. સુડા/યુ.૩/ટી.પી.એસ.– ૩૬ (વરિયાવ)/૧૧૦૬ તા. ૦૯/૦૨/૨૦૦૪ ની નકલ સરકારશ્રીને જાણ સારૂં, આ સાથે સામેલ કરી પાઠવેલ છે.

SURAT

મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

બિડાણ : ઉપર મુજબ.

<u>નકલ જયભારતસહ રવાના :</u>
મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર તરફે.

C:\My Documents\DRAFT TPS NO 37 (VARIYAV)\NAGAR YO 36 VARYAV SURAT.doc